ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૯ ઓગસ્ટ, ૨૦૨૬

# Gen Zનો રોષ: કઠેડામાં આજની કે અગાઉની પેઢી નહીં, વ્યવસ્થા છે



### બહુશ્રુત
ચિરંતના ભટ્ટ

જાણીતા કટાર લેખક પ્રતાપ ભાનુ મહેતાએ GenZના વિરોધ પ્રદર્શન અને આંદોલનનું વિશ્લેષણ કરતો એક લેખ લખ્યો, જેમાં તેમણે સંસ્થાકીય કટોકટીનો ભાર બે અલગ પેઢી વચ્ચેના સંઘર્ષ પર મૂક્યો. તેમની દલીલ છે કે વિરોધ કરનારાઓ માત્ર નરેન્દ્ર મોદીની સરકારથી નારાજ નથી; તેઓ એ મૂલ્યોને નકારી રહ્યા છે, જેને અનુસરીને તેમનાં માતા-પિતા જીવ્યાં: સત્તા સાથે સમાધાન કરો, માથું નીચું રાખો, કારકિર્દી બનાવો. જે કામ એક સમયે રાજકીય આંદોલનોને કારણે થતા હતા, તે કામો વ્યાવસાયિક સફળતાને કરવા દો.

દલીલ તાર્કિક છે અને છતાં એમાં એક જોખમ છુપાયેલું છે: એક મોટા રાજકીય-વૈચારિક સંઘર્ષને બે પેઢીના ટકરાવ પૂરતો મર્યાદિત કરી દેવાનું. કઠેડામાં બેમાંથી એકેય પેઢી નથી. સવાલ સાચા-ખોટાનો નથી. બે પેઢીઓએ સાવ જુદી પરિસ્થિતિમાં પોતાની સામે ઉપલબ્ધ સૌથી સુરક્ષિત વિકલ્પો પસંદ કર્યા. બંને માટે એ જગ્યા સાંકડી જ હતી.

મને નથી લાગતું કે ખરો પ્રશ્ન સાચા-ખોટાનો હોય. અહીં કોઈ એક પેઢી નૈતિક રીતે નિષ્કલંક નથી. અહીં એવી બે પેઢીઓ છે, જેમણે સાવ જુદી પરિસ્થિતિમાં પોતાની સામે ઉપલબ્ધ સુરક્ષિત વિકલ્પો પસંદ કર્યા. કઠેડામાં બેમાંથી એકેય પેઢી નથી. સવાલ એ છે કે બંને પેઢી પાસે પસંદગી કરવાના વિકલ્પો મર્યાદિત હતા; એ જગ્યા સાંકડી જ હતી.

બાળકોએ ડરવું જોઈએ એમ શીખવનારા માતા-પિતાને એમ સાવચેતી કે ડરભર્યું વિચારતા શીખવ્યું હોવાના આરોપ છે. મારી દલીલ સહેજ અલગ છે. ઘણાં લોકોએ સિત્તેર અને એંશીના દાયકામાં આંદોલનો જોયાં છે, બહુ નજીકથી જોયાં છે. આંદોલનના રાજકારણની શું કિંમત ચૂકવવી પડે છે, તે પણ એક પેઢી બહુ સારી રીતે સમજે છે–હિંસા, વિચારધારાના હિત માટે લોકો અને સંસ્થાઓનો સાધન કે માધ્યમ તરીકે ઉપયોગ, અને શિક્ષણ સાથે લેવાદેવા ન હોય તેવા મુદ્દાઓનાં રણમેદાનમાં ફેરવાયેલી યુનિવર્સિટીઓ. આ સંજોગો હતા અને પછી લિબ્રલાઈઝેશન, એટલે કે ઉદારીકરણ, થયું. ઉદારીકરણે એ દરવાજા ખોલ્યા, જે અગાઉ અનેક પરિવારો માટે અસ્તિત્વમાં જ નહોતા; જેમ કે ખાનગી ક્ષેત્રે રોજગાર, વ્યાવસાયિક શિક્ષણ અને વિસ્તરતો જતો મધ્યમ વર્ગ. એ પુરોગામીઓ એ દરવાજામાંથી જલદી પસાર થઈ ગયા.માથું નીચું રાખો, ભણો, ડિગ્રી મેળવો, નોકરી શોધો અને વગર કારણની કોઈ જંજાળમાં ન ફસાઓ. આ ડહાપણના વાઘા પહેરેલી કાયરતા નહોતી; આ એક સાચો દાવ હતો, જે વાસ્તવિકતા, માહિતી અને સંજોગોના આધારે લગાડવામાં આવ્યો હતો–એક એવા દેશમાં, જેણે મોટાભાગના પરિવારો જ્યારે દાવ પર મૂકવા જેવું ઘણું હતું ત્યારે તેના બદલામાં બહુ ઓછું આપ્યું હતું. ઘણાં લોકો માટે આ દાવ સફળ રહ્યો. આ કારણે તેમને સામાજિક અને આર્થિક પ્રગતિ, ગૌરવ તો મળ્યાં જ, પણ સાથે પોતાના મા-બાપે વેઠેલી અનિશ્ચિતતાથી પણ દૂર રહી શકાયું.

આ પગલું કે આ દાવ શાંતિ આપનારો કે ઉચાટ વગરનો હતો એમ કહેવાય, પરંતુ એમાં પણ ‘કન્ડિશન્સ એપ્લાય’ પ્રકારની સ્થિતિ હતી. એક અઘોષિત શરત હતી, જેને લોકોએ ઝીણવટથી વાંચી નહીં; બરાબર એ જ રીતે, જે રીતે આપણે ઘણી બાબતો વિગતવાર વાંચ્યા વિના સ્વીકારી લઈએ છીએ. એ શરત એ હતી કે પ્રમાણિકતા રાખો, વગર કારણની મુશ્કેલી ઊભી ન કરો, મહેનતથી ભણો; તમે આટલું કરો અને તંત્ર પોતાની જવાબદારી નિભાવશે. કમનસીબે તંત્ર પોતાના વચનો પૂરી રીતે નિભાવી શક્યું નહીં. અત્યારની જ વાત કરીએ તો પરીક્ષાઓ રદ થાય છે, તેની વિશ્વસનીયતાની કોઈ ગેરંટી નથી હોતી, ભરતીની પ્રક્રિયાઓ લાંબા સમય સુધી ચાલતી રહે છે. ડિગ્રી હવે પહેલાં જેટલી સુરક્ષા આપતી નથી. મેરિટની ચર્ચાઓ ચાલ્યા કરે છે, પરંતુ અમલની બાબતમાં સમાનતા નથી. એક તરફ સીડીનાં પગથિયાં ચૂપચાપ કાઢી નાખવામાં આવે અને બીજી તરફ એક પેઢીને એ જ સીડી પર વિશ્વાસ રાખવાનું કહેવામાં આવે; આવી પરિસ્થિતિ લાંબી તો ન જ ચાલે.

**સિનિયર પેઢીની પસંદગીઓ ભય, અભાવ, વ્યક્તિગત પ્રગતિ દ્વારા સમાજને સુધારી શકાય છે તેવી નક્કર માન્યતાથી ઘડાઈ હતી**

આ કારણોને ધ્યાનમાં રાખીને વિરોધ પ્રદર્શનોને માત્ર બળવો કરવા ખાતર કરાયેલા બળવા તરીકે ન જોવા જોઈએ. જો સમાધાન કરવાથી સલામતી કે તક ન મળતી હોય, તો વિરોધ એવાં જૂજ માધ્યમોમાંનું એક બની જાય છે, જેને વ્યવસ્થા હજી પણ જોઈ અને સમજી શકે છે.

જે રીતે આ માગણીઓ રજૂ કરવામાં આવી, તે જૂના અને જાણીતા અર્થમાં ક્રાંતિકારી નથી. જંતર-મંતર પર કોઈ મૂડીવાદ નાબૂદ કરવાની હાકલ કરતું નથી. આ વિરોધ કરનારાઓ નિષ્પક્ષ પરીક્ષાઓ, યોગ્ય નિમણૂકો, જવાબદાર અધિકારીઓ અને મંત્રીઓની જવાબદારીની માગ કરી રહ્યા છે. એક રીતે જોઈએ તો આ બંધારણીય લોકશાહીના અસ્વીકારની નહીં, પરંતુ તેને વાસ્તવિક બનાવવાની માગ છે.

આ મુદ્દે પ્રતાપ ભાનુ મહેતા જે કહે છે, તે સાચું છે. જે પેઢીને મહેનત કરવા, ધીરજ રાખવા અને રાજકારણથી દૂર રહેવાનું કહેવામાં આવ્યું હતું, તે હવે સમજી રહી છે કે વ્યક્તિગત શિસ્ત જાહેર વ્યવસ્થાની નિષ્ફળતાની ભરપાઈ ન કરી શકે. નિષ્ફળ ગયેલી પરીક્ષા યુવાનને એવો સંદેશ આપે છે કે તેની વર્ષોની તૈયારીનું કદાચ કોઈ મૂલ્ય નથી. લંબાતી ભરતી પ્રક્રિયાઓ જાણે એમ કહે છે કે તેમનો સમય વેડફી શકાય છે; શરત માત્ર એટલી કે વેડફાતો સમય તેનો જ હોવો જોઈએ. એક તબક્કે ધીરજ પરિપક્વતા નહીં, પણ શરણાગતિ જેવી લાગવા લાગે છે.દરેક નવજાત આંદોલન એક જોખમ સાથે જન્મે છે–એવા લોકોનું જોખમ, જેઓ આંદોલન શરૂ કરનારાઓ કરતાં વધુ શાતિર, વધુ સંગઠિત અને ઓછા પ્રામાણિક હોય. સાચો રોષ ધીમે-ધીમે એવા લોકો માટે કાચો માલ બની જાય છે, જેમનો પોતાનો એજન્ડા વધુ સંકુચિત અને વધુ જૂનો હોય. શક્ય છે કે આ વિરોધમાં ભળેલા અમુક અવાજો શિક્ષણ સુધારાની માગ માટે આવ્યા જ ન હોય. આ કોઈ કાલ્પનિક ભય નથી, પરંતુ વાસ્તવિક જોખમ છે, અને એને અવગણવું સહાનુભૂતિ નહીં, બેદરકારી ગણાશે. પરંતુ આ જોખમ એ સાબિત કરતું નથી કે GenZ અપરિપક્વ છે કે કોઈના હાથની કઠપૂતળી છે. એ એટલું જ સાબિત કરે છે કે જાહેર શક્તિ વાપરવાનો તેમનો અનુભવ નવો છે, અને રાજકારણમાં પહેલી વાર ઊતરતી દરેક પેઢીએ, ઘણી વાર ભારે કિંમત ચૂકવીને, સાથીદાર અને માલિક વચ્ચેનો તફાવત શીખવો પડે છે.

તેનો જવાબ યુવાન વિરોધીઓને બિનઅનુભવી ગણીને ફગાવી દેવાનો નથી. સમજવાની વાત એ છે કે કોઈ પણ પેઢીએ તેને વારસામાં મળેલી વ્યવસ્થા ઘડી નહોતી. એક પેઢીએ નાજુક અર્થતંત્રમાંથી પસાર થવા માટે સૌથી સુરક્ષિત માર્ગ પસંદ કર્યો. બીજી પેઢીને એવું અર્થતંત્ર વારસામાં મળ્યું છે, જેણે તકો આપવાનું વચન આપ્યું હતું, પરંતુ હવે તે વચન પૂરું કરવામાં સતત નિષ્ફળ જઈ રહ્યું છે. સાધનો જુદા, મર્યાદા એક જ. ગેમ બોર્ડ પસંદ કરવાની તક બંનેમાંથી કોઈ પેઢીને મળી નહોતી; તેઓ માત્ર પોતાની ચાલ પસંદ કરી શક્યા.

માતા-પિતા અને સંતાનોના દૃષ્ટિકોણ પર દોષારોપણ કરવું અપૂરતું છે. મા-બાપની પેઢીએ ટકી રહેવાનું પસંદ કર્યું, એ ખોટું નહોતું. ભૂલ એ માની લેવામાં થઈ કે ટકી રહેવાની આ શૈલીથી સંસ્થાકીય સુધારા થશે. વ્યક્તિગત વ્યૂહરચના એક પરિવારને આગળ વધારી શકે છે, પરંતુ તે પોતાની મેળે પરીક્ષાઓને નિષ્પક્ષ કે સંસ્થાઓને પ્રામાણિક રાખી શકતી નથી.

ભારતમાં જે થઈ રહ્યું છે, તે કથા તો દુનિયાભરમાં પ્રવર્તતા લોકશાહીને લગતા એક વ્યાપક મિજાજનો ભાગ છે. નૈરોબીથી બેલગ્રેડ અને મનિલા સુધી યુવાનો જૂની ઔપચારિક વ્યવસ્થાઓને બદલે વધુ બુલંદ અને તાત્કાલિક માધ્યમો અપનાવી રહ્યા છે; તેઓ લોકશાહીને છોડી ચૂક્યા છે એટલા માટે નહીં, પરંતુ તેમની આંખો સામે તેમનું ભવિષ્ય ધોવાતું જાય ત્યારે પણ રાહ જોવાનું કહેતી સંસ્થાઓ પ્રત્યેની તેમની ધીરજ ખૂટી ગઈ છે. ભારત આ યાદીમાં કોઈ અપવાદ નથી; આધુનિક સંજોગોમાં જોડાયેલું નવું નામ છે. વિરોધનાં તાત્કાલિક કારણો જુદાં છે–ક્યાંક ભ્રષ્ટાચાર, તો ક્યાંક કરવેરો અથવા બેરોજગારી–પરંતુ બધાને જોડતો વહેમ એક જ છે: ચૂંટણી અને મહેનત હવે તમારો અવાજ સંભળાશે તેની કે તમારી સામાજિક અને વ્યવસાયિક સુરક્ષાની ખાતરી આપતાં નથી.

આખી દુનિયામાં અલગ-અલગ ખૂણે આ પ્રકારની સ્થિતિઓ હોવા છતાં ભારતમાં આ સ્થિતિ વધારે પીડાદાયક છે. તેનું કારણ એ છે કે એક જ ઘરમાં, એક જ છત નીચે રહેતાં લોકો વચ્ચે હિંમત કોને કહેવાય તે અંગે અસંમતિ છે. બંને પેઢીની હિંમતની વ્યાખ્યા અલગ છે. વાલીઓ કહે છે કે, ‘તમારું ભવિષ્ય બગાડશો નહીં,’ અને સંતાનોનો સવાલ છે કે, ‘તમે કયા ભવિષ્યને સાચવવાનું કહી રહ્યા છો?’

અહીં એ મુદ્દો નથી કે ચૂપ રહીને જાતની પ્રગતિ પર ધ્યાન આપનારા અને કોઈક હદે રાષ્ટ્રનું નિર્માણ કરનારા વાલીઓ સાચા હતા કે આજે વિરોધ કરનારા તેમના સંતાનો સાચા છે. સિનિયર પેઢીની પસંદગીઓ અજાણ્યા ભવિષ્યના ભય, અભાવો અને વ્યક્તિગત પ્રગતિ દ્વારા સમાજને સુધારી શકાય છે તેવી નક્કર માન્યતાથી ઘડાઈ હતી. GenZ સંતાનોનો રોષ એ લાગણીમાંથી જન્મ્યો છે કે સમય સાથે સંસ્થાઓ ઓછી ન્યાયી બની રહી છે અને તેની સામે વ્યક્તિગત પ્રગતિ અનિશ્ચિત કાળ સુધી ટકી શકે તેમ નથી. બંને વલણો સમજી શકાય તેવાં છે અને તેમાંથી કોઈ સંપૂર્ણ નથી. બંને રસ્તા અપૂરતા સાબિત થયા છે ત્યારે ખરો પ્રશ્ન એ છે કે શું બંનેમાંથી કોઈ એક બીજી પેઢીની પસંદગી માટે જગ્યા કરી શકે તેમ છે?

### બાય ધી વે

કોઈ યંગસ્ટર્સ હવે તમને જ્યારે એમ કહે કે તેઓ વિરોધ પ્રદર્શનમાં જાય છે, ત્યારે તમે તેમને તરત શું પ્રતિભાવ આપો છો તેની પર ધ્યાન આપજો. તમે એમ કહો છો કે, ‘આમાં ન પડીશ,’ કે પછી એમ કહો છો કે, ‘તને ખરેખર શું જોઈએ છે?’ તમારો જવાબ તેમની હિંમત કરતાં સલામતી વિશે તમે જે કથા માનતા અને કહેતા આવ્યા છો તેના વિશે વધુ જણાવનારો સાબિત થશે.

# ભાજપ શ્રેષ્ઠીઓએ નિરાશ થવાના બદલે નિખાલસ થવાની જરૂર

### કબીરા ખડા બજાર મેં
વિન્સી મરચન્ટ



ભારતના લોકોને વરસોની ગુલામી બાદ એવી વિચિત્ર આદત પડી છે કે તેઓ નેતાઓની સત્તા અને ખુરશી બચાવવા લાગી જાય છે, મેદાને પણ પડે, ખાસ કરીને ચૂંટણી ટાણે. પરંતુ નેતાઓ પ્રજા તરફ કેટલું ધ્યાન આપે છે એની પ્રજા પરવા કરતી નથી. આ કહેવાય ઊલટો પ્રવાહ, નેતાઓ રાત દિવસ કપડાં બદલવામાં, સંસદમાં કેટવોક કરવામાં અને ટેકેદારોની ખરીદી કરવામાં, કાવાદાવા કરીને નાની મોટી ચૂંટણીઓ જીતવામાં લાગી પડે છે. આ લાયમાં તેઓ શું નૈતિક અને શું અનૈતિક તેનો વિચાર કરતા નથી. લોકો મરે તો ભલે મરે, મારનારને જરૂર બચાવવામાં આવશે. પબ્લિક ગઈ ભાડમાં. આવા વિચારો લોકમાનસમાં રમી રહ્યા છે, જાહેરમાં ચર્ચાઈ રહ્યા છે.

વાસ્તવમાં પ્રજા એ રાજાના સંતાનો સમાન છે અને છોરૂ કછોરૂ થાય પણ માવતર કમાવતર ન થાય, પણ છેલ્લાં ત્રણ દશકથી એવો દૌર આવ્યો છે કે છોરું કછોરું થતાં નથી પરંતુ માવતર કમાવતર જરૂર થાય છે. અગાઉ આ લખનારને નરેન્દ્રભાઈ મોદીની સરકાર પર શ્રદ્ધા હતી. કેટલાંક અશક્ય ગણાતાં હતાં એવાં પાંચ-સાત કામો થયાં, પણ બસ એટલાં જ થયાં. સામાન્ય પ્રજાને શું જોઈએ છે? તે ક્યાં પિસાઈ રહી છે તેની ચિંતા આ સરકારને પણ નથી.

જ્યારે નીટ પેપર લીક થવાની ઘટના પ્રગટ થઈ ત્યારે આ કોલમમાં અમે એ ઈરાદાથી લખ્યું હતું કે જેથી કેન્દ્રની ભાજપ સરકાર વધુ મુશ્કેલીમાં ન મુકાય. રામ મંદિરની દાન પેટીઓની લૂંટ ચલાવવાનું આખી સરકાર પર લાગી ચૂક્યું હતું. અમે લખ્યું હતું કે નીટના મામલામાં ત્યારના શિક્ષણ મંત્રીએ નૈતિક જવાબદારી સ્વીકારીને રાજીનામું આપી દેવું જોઈએ. એ પછી આંદોલન શરૂ થયું અને સોનમ વાંગચુક આમરણ અનશન પર ઊતર્યા. દસેક કરતા વધારે દિવસો સુધી સરકાર ટસની મસ ન થઈ. અમોએ લખ્યું હતું કે ચોળીને ચીકણું કરવામાં ભાજપને જ નુકશાન સહન કરવું પડશે. ઘટના પ્રકાશમાં આવી ત્યારે રાજીનામું આપી દીધું હોત તો સરકાર મા-બાપની ભૂમિકા ભજવી રહી છે અને સંવેદનશીલ છે એ મેસેજ ભારતની પ્રજાને મળ્યો હોત. ભાજપની આબરૂ વધુ સુધરી હોત. પરંતુ સરકાર પ્રજા સામે અભિમાનમાં ચડી. શું થયું તે અત્યારે જોયું.

બુંદ પાણીના અભાવમાં આબરૂ બગડી તે હવે હોજ પાઈપોમાં તથાકથિત પ્રેમોના ધોધ વહેડાવવાથી પણ સુધરતી નથી. સવાલ એ થાય કે ૧૪૫ કરોડ જનતાનું સુકાન સંભાળતી સરકારના ડાહ્યા અને સુલક્ષણ ગણાતા લોકો પાસે એટલી સામાન્ય સમજણ નથી જે એક દસમા ધોરણમાં ભણતા બાળક પાસે હોય છે. જ્યાં સુધી વડા પ્રધાન અને ગૃહ મંત્રી સંસદનો સામનો કરવા ત્યાં હાજર નહીં થાય ત્યાં સુધી આ મામલો પતી ગયો છે તેમ સોઈ ઝાટકીને કહી શકાશે નહીં. અમિતાભ બચ્ચનનો સોશિયલ મિડિયામાં વ્યાપક બનેલો ડાયલોગ યાદ આવે છે; ‘દેખા લાપરવાહી કા નતીજા.’ જેમના નામની તૂતી બોલતી હતી તેઓ આજે સંસદનો સામનો કરવા જઈ શકતા નથી. છતાં મોડું થયું નથી. તેઓએ નિરાશામાં વીથડ્રો કરવાની જરૂર નથી. પ્રેમ, ચિંતા, ખેવના અને નિખાલસતાથી પ્રજાને પોતાની બનાવવાની તક હજી છે. તેઓએ આ દેશ માટે પણ સંસદ સમક્ષ જવું જોઈએ. સરકારો સામે પ્રદર્શનો થતાં રહેતાં હોય છે. સરકાર ભૂલ કરી છે અને ભૂલો પણ થતી રહેતી હોય છે, પરંતુ એવું કોઈ અપકૃત્ય નથી થઈ ગયું જે માફ નહીં થઈ શકે અથવા પ્રજા માફ નહીં કરે. પ્રજાનો મોટો વર્ગ આજે પણ સરકારની સાથે છે. દેશને હજી પણ નરેન્દ્રભાઈ મોદીની અને અમિત શાહ તેમ જ યોગી આદિત્યનાથ જેવા વિરલ નેતાઓની જરૂર છે અને લાંબા સમય માટે જરૂર છે. અમુક બાબતોમાં તેઓએ એમની ક્ષમતા પુરવાર કરી છે. તેઓમાં જે અઘરા અને કડક, દેશ માટે અત્યંત જરૂરી હોય તેવા નિર્ણયો લેવાની શક્તિ છે તે વિપક્ષના એક પણ નેતામાં દૂરથી કે નજીકથી, નજરે ચડતી નથી. જો સરકારના બે મોટા માથાં શરમના માર્યા, કે અહંકાર કે ઉદાસીનતા માર્યા દેશના તખ્તા પર હાજર થવાથી દૂર રહેશે તો એવાં પરિબળોના હાથમાં સત્તા તાસક પર ધરી દેશે જેમણે ૨૦૧૪ અગાઉ આ દેશની વાટ લગાડી દીધી હતી. ભારત પર જાણે કે પાકિસ્તાનનું જ ચાલતું હોય તેવું લાંબા સમયનું પરિદ્રશ્ય, એક મતબેન્કને ખુશ રાખવાના મિથ્યા વિચારોને કારણે ઊભું કરી રાખ્યું હતું.

**અમુક કામોમાં એવા નેતાઓની જરૂર હોય છે જે એક ઘા અને બે કટકા કરવાની તાકાત ધરાવતા હોય**

પાકિસ્તાની ત્રાસવાદીઓ ભારતીય સૈનિકોનાં માથાં વાઢીને લઈ જતા હતા અને નેતાઓ સ્ત્રૈણ અવાજમાં જ્ઞાન પીરસતા કે આતંકવાદને કોઈ ધર્મ હોતો નથી. શાહ અને મોદી દિલ્હીમાં આવ્યા પછી આ તોતા જાપ રટવાની કોઈને જરૂર પડતી નથી. પાકિસ્તાનને તેની ઔકાત બતાવી દેવાઈ છે અને રોજ રોજ ટ્રેનના ડબ્બાઓ, ટેક્સીઓ, હોટેલોમાં થતાં વિસ્ફોટોનો અંત આવ્યો છે. જો કોઈ હવે હિમાકત કરે છે તો ખોખરા કરી નાખવામાં આવે છે.

દેશના કાશ્મીરી હત્યારાઓ અને એમના પાકિસ્તાની સગાઓને દિલ્હી ખાતેના પાક હાઈ કમિશનમાં ભારત વિરોધી બેઠકો યોજવા માટેની ત્યારની સરકાર દ્વારા સવલત કરી આપવામાં આવતી હતી તે બંધ થઈ ગઈ છે, એટલું જ નહીં, દેશની પ્રજાને સમજાઈ ગયું છે કે આ શરમની વાત હતી. અગાઉ તો કોંગ્રેસ સરકારે શરમ એક વોટ બેન્કને વેચી નાખી હતી અને પ્રજા પણ આ બાબતથી અલિપ્ત થઈ ગઈ હતી કે શું શરમ અને શું બેશરમ? સૈનિક હેમરાજ અને એમના સૈનિક સાથીના માથાં કાપીને પાકિસ્તાની સૈનિકો ઉપાડી ગયા હતા ત્યારે દિલ્હીમાં મનમોહન સિંહે આદત મુજબ ધાર્મિક પ્રવચન આપ્યું હતું. ત્યારે સેનાના વડા વિક્રમ સિંહ હતા. એ બોલ્યા હતા કે અમારા સમયે અમે યોગ્ય બદલો લઈશું. એ સમય ક્યારેય આવ્યો જ નહીં. હા, મનમોહન સિંહે ડોઝીયર પર ડોઝીયર મોકલીને પાકિસ્તાનને એટલો કંટાળો આપ્યો કે લગભગ બદલો લેવા જેવું જ થઈ ગયું. ડોઝીયરો વડે બદલો. ત્યારબાદ તો ઈજીપ્તના શર્મ અલ શેખમાં જીભ કરડી અને કાંડા કાપી આપ્યા. મનમોહને નક્કી કર્યું કે પાકિસ્તાન ભલે ભારતની ગમે એટલી વાટ લગાડે, પાકિસ્તાન સાથેનો વેપાર અને સંવાદ સમાંતરે ચાલુ જ રખાશે. કાશ્મીરીઓના બાળકોને ભારતના સૈનિકોના માથાં પર ટપલી દાવ કરવાની છૂટ અપાશે.

આ બે ગુજરાતી ભાઈઓએ આ આખીયે ભારતની ક્રૂર મશ્કરી થતી હતી તે બંધ કરાવી દીધી છે. નક્સલવાદ જાણે કે દેશનું આભૂષણ હોય તેમ સાચવી રખાયો હતો એ આભૂષણનો ચૂડલો તોડી નખાયો છે. ચૂડી અને ચાંદલો દૂર થયા છે. કોંગ્રેસી દિગ્વિજય સિંહને વિધવા બનાવી દેવાય. જે નક્સલવાદ અને તેનો ત્રાસવાદ ભારતના લલાટે કાયમ લખાયાં હતાં તેમ લગાડી માંડ્યું હતું તે લલાટ પર હવે નવી કિસ્મત લખવામાં આવી છે કે દેશમાં રહીને દેશ વિરોધી મહાહિંસક કૃત્યો સાંખી લેવામાં નહીં આવે. અનેક સરકારો, સેંકડો પ્રધાનો અને હજારો સાંસદો આવ્યા અને ગયાં, પરંતુ મોદી અને શાહ બે જ એવા નીકળ્યા કે આ પ્રાણયકનના પ્રાણ જ ઊડાડી દીધાં.

...અનુસંધાન પાના નં. 4 પર

### સિલી પોઈંટ

